NSR

No 5675 2/44

2017

THE SEAL OF THE SUB-REGISTRAR



સ્થાવર મિલકતનો વેચાણ દસ્તાવેજ

નવસારી જીલ્લાના નવસારી તાલુકાના મોજે નવસારી શહેરના ગણદેવી રોડ પુર્વ તરફના વિસ્તારમાં આવેલ મૂળ રેવન્યુ સર્વે નં.૧૦૭ ના સીટી સર્વે ટીકા નં.૧૨૫ ના સીટી સર્વે નં.૪૭૮૬ થી નોંધાયેલી બિનખેતીની જમીન કે જેનો નવસારી નગરપાલિકા ટી.પી. સ્કીમ નં.૩ ના ફાઈનલ પ્લોટ નં.૧૩૧ માં સમાવેશ થાય છે. જે "પ્રીન્સ હાઈટ્સ" ના નામે ઓળખાય છે. જે જમીન ઉપર "રોયલ, પેલેસ અને પેરેડાઈઝ" નામના ત્રણ એપાર્ટમેન્ટ બાંધવામાં આવેલ છે. જે પૈકી "**પેલેસ**" એપાર્ટમેન્ટમાં **બીજા માળે** આવેલ **ફલેટ નં.૨૦૧** નો વેચાણ દસ્તાવેજ રૂા.૨૩,૭૨,૫૦૦/- અંકે રૂપિયા ત્રેવીસ લાખ બોતેર હજાર પાંચસો પુરાનો.

સંવત ૨૦૭૩ ના આસો સુદ એકમને વાર ગુરૂને, અંગ્રેજી તારીખ ૨૧ મી માહે સપ્ટેમ્બર, સને-૨૦૧૭ ના દિને :-

..3..

NSR
5419 3/44
2017

તમો એક પક્ષના વેચાણ લેનારાઓ :-

૧. દિપ્તીબેન અરૂણભાઈ હરિયાણી,

ઉ.આ.વ.-૭૪,ધંધો નિવૃત્ત, **Pan No.AAKPH1726J**

૨. કર્ણ અરૂણભાઈ હરિયાણી, ઉ.આ.વ.-૪૦, ધંધો-વેપાર, **Pan No.AAZPH0064J**

બંને રહેવાસી-૭૯-૮૨, શુભમ બંગ્લોઝ, શૈલેષપાર્ક સોસાયટી, પરમેશ ડાયમંડ સામે, છાપરા, તા.જી.નવસારીના (જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજ "વેચાણ લેનારાઓ" યા અને તે સંદર્ભમાં જણાવવામાં આવશે જે સંબોધનમાં તેમના વંશ, વાલી, વારસો, સક્સેસર્સ, એસાઈનીઝ, ટ્રાન્સફરીઝ વિગેરે તમામનો સમાવેશ થયેલો ગણાશે.) જોગ લી.

હમો બીજા પક્ષના વેચાણ આપનાર :-

મે.પ્રિન્સ ઈન્ફાસ્ટ્રક્ચર નામની ભાગીદારી પેઢી (Pan No.AAOFP7043G)

(ઠેકાણું : રે.સ.નં.૧૦૭, સીટી સર્વે નં.૪૭૮૬, એફ.પી. નં.૧૩૦-૧૩૧, ટી.પી. નં.૩, દેવીના પાર્ક પાસે, અગ્રવાલ કોલેજ, નવસારી, તા.જી.નવસારી)ના ભાગીદારો

૧. ઠાકરશીભાઈ કરમશીભાઈ સાકરીયા, ઉ.આ.વ.-૫૮, ધંધો-ખેતી તથા વેપાર, રહેવાસી-૨૪, સત્યમપાર્ક સોસાયટી, ડભોલી રોડ, સુરત, જી.સુરતના **જાતે પોતે તથા અનુ.નં.૨ થી ૭ ના કુલમુખત્યાર**

૨. મધુબહેન ઠાકરશીભાઈ સાકરીયા, ઉ.આ.વ. ૫૩, ધંધો ખેતી તથા વેપાર,

૩. સંદિપભાઈ ઠાકરશીભાઈ સાકરીયા, ઉ.આ.વ.-૩૨, ધંધો-વેપાર,

૪. અવનીબેન સંદિપભાઈ સાકરીયા, ઉ.આ.વ.-૩૦, ધંધો-વેપાર,

૫. હિતેષભાઈ ઠાકરશીભાઈ સાકરીયા, ઉ.આ.વ.-૩૦, ધંધો-વેપાર,

અનુ.નં.૧ થી ૫ ના જાતે-હિન્દુ લેઉઆ પટેલ, તમામ રહેવાસી-૨૪, સત્યમપાર્ક સોસાયટી, ડભોલી રોડ, સુરત, જી.સુરત.

..૪..

NSR
૫૪૭૫ 4/44
2017

૬. ભાવનાબેન યોગેશભાઈ સાકરીયા, ઉ.આ.વ.-૩૪,

ધંધો-વેપાર,

૭. યોગેશભાઈ પોપટભાઈ સાકરીયા, ઉ.આ.વ.-૩૫, ધંધો-વેપાર,

અનુ.નં.૬ અને ૭ ના જાતે-હિન્દુ લેઉઆ પટેલ, રહે-એ/૧૦, કુબેરનગર સોસાયટી ૨, કતારગામ દરવાજા, સુરત, જી.સુરતના (જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજ **"વેચાણ આપનાર"** યા અને તે સંદર્ભમાં જણાવવામાં આવશે જે સંબોધનમાં તેમના વંશ, વાલી, વારસો, સક્સેસર્સ, એસાઈનીઝ, ટ્રાન્સફરીઝ વિગેરે તમામનો સમાવેશ થયેલો ગણાશે.)

(૧) હમો વેચાણ આપનારની સંપૂર્ણ, સ્વતંત્ર માલિકીની તથા શાંત, ખાલી, પ્રત્યક્ષ કબ્જા-ભોગવટા-વહીવટ-વ્યવસ્થા વિગેરે વાળી મિલકત કે જે આ વેચાણ દસ્તાવેજ રૂએ હમો વેચાણ આપનારે તમો વેચાણ લેનારને વેચાણ આપી છે, તેનું વર્ણન નીચે મુજબ છે.

-: મિલકતનું વર્ણન :-

નવસારી જીલ્લાના નવસારી તાલુકાના મોજે નવસારી શહેરના ગણદેવી રોડ પૂર્વ તીયરા વિસ્તારમાં આવેલ મૂળ રેવન્યુ સર્વે નં.૧૦૭ ના સીટી સર્વે ટીકા નં.૧૨૫ ના સીટી સર્વે નં.૪૭૮૬ થી નોંધાયેલી બિનખેતીની જમીન જે "પ્રીન્સ હાઈટ્સ"ના નામે ઓળખાય છે. કે જેનો નવસારી નગરપાલિકા ટી.પી. સ્કીમ નં.૩ ના ફાઈનલ પ્લોટ નં.૧૩૧ માં સમાવેશ થાય છે. જેનું સુમારે ક્ષેત્રફળ ૩૯૭૫.૦૦ ચો.મીટર છે, જે જમીન ઉપર "રોયલ, પેલેસ અને પેરેડાઈઝ" નામના કુલ ત્રણ એપાર્ટમેન્ટ બાંધવામાં આવેલ છે, જે પૈકી **"પેલેસ"**એપાર્ટમેન્ટમાં **બીજા માળે** આવેલ **ફલેટ નં.૨૦૧** કે જેના બાંધકામનું બીલ્ટઅપ એરિયાનું ક્ષેત્રફળ સુમારે **૧૧૬૬.૧૨ ચો.ફૂટ** જેના **ચો.મીટર ૧૦૮.૩૭૫**

..૫..

NSR
5479
2017

થાય છે,તથા વણવહેંચાયેલ હિસ્સે આવતી તેમજ કોમન સગવડો વિગેરે સહિતની જમીન કે જેનું સુમારે ક્ષેત્રફળ ૩૩.૧૨૫ ચો.મીટર થાય છે. સદર ફલેટમાં એક હોલ, ત્રણ બેડરૂમ, રસોડું, સંડાસ, બાથરૂમ વિગેરે સહિતનું બાંધકામ કરવામાં આવેલ છે. જે મિલકત પાણી, ડ્રેનેજ તથા ગુજરાત વિદ્યુત બોર્ડના વીજળી જોડાણની સુવિધા સહિતની છે, જે ફલેટની ચર્તુદિશા નીચે મુજબ છે.

-: ચર્તુદિશા :-

પૂર્વે : આંતરિક રસ્તો.

પશ્ચિમે : પેસેજ છોડી ફલેટ નં.૨૦૪

ઉત્તરે : માર્જીનની જમીન છોડી પેરેડાઈઝ બિલ્ડીંગ.

દક્ષિણે : ફલેટ નં.૨૦૨

સદર મિલકત તે માલે આવેલ તમામ જાતના ફીટીંગ્સ, ફિક્ષ્ચર્સ, સાધનો, સગવડો વિગેરે સહિતની તથા તમામ કોમન સગવડોના હક્ક, હિત, સહિતની તથા લાગતા વળગતા તમામ હક્ક, હિત, સંબંધ વિગેરે સહિતની.

(૨) એ. ઉપર પેરા-૧ માં વર્ણવેલી જમીન હમો વેચાણ આપનારે અગાઉના માલિકશ્રી કિન્નલ રમણભાઈ પટેલનાઓ પાસેથી હમો વેચાણ આપનારે તથા દિપાબેન દિલીપભાઈ મહેતાનાઓએ વેચાણથી રાખેલ, જે વેચાણ દસ્તાવેજ મે.નવસારીના સબ રજીસ્ટ્રારશ્રીની કચેરીએ તા.૪-૪-૨૦૧૩ ના રોજ અનુક્રમ નં.૨૧૧૬ થી નોંધાયેલ, જે વેચાણ વ્યવહારની નોંધ મોજે નવસારીના સીટી સર્વે રેકર્ડ દફતરે નોંધ નં.૮૦૬૬ પેડલ,

...૬...

NSR
૬
૫૪
2017

જે નોંધ સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટ, નવસારીનાઓ દ્વારા તા.૧૨-૯-૨૦૧૩ ના રોજ પ્રમાણિત અને મંજૂર કરવામાં આવેલ છે.

બી. તેમજ મજકુર જમીન ઉપર કાયદેસરનું બાંધકામ કરવા માટે નવસારી નગરપાલિકા પાસેથી તા.૪-૫-૨૦૧૨ના રોજની કાયદેસરની રજાચિઠ્ઠી/પરવાનગી નં. ૦૧૧૨, મુકદમા નં.૪૦ થી મેળવવામાં આવેલ છે.

સી. ત્યારબાદ દિપાબેન દિલીપકુમાર મહેતાનાઓએ મજકૂર મિલકતમાં તેમનો ચાલી આવેલ હક્ક, હિત, હિસ્સો જતો કરેલ (ઉઠાવી લીધેલ) અને પેઢીના ભાગીદાર તરીકે છૂટા થયેલ, જે અંગેનો કાયદેસરનો રજી.વેચાણ દસ્તાવેજ મે.નવસારીના સબ રજીસ્ટ્રારશ્રીની કચેરીએ તા.૨૯-૨-૨૦૧૬ના રોજ અનુક્રમ નં.૧૪૪૬ થી નોંધાયેલ. અને તેનું નામ રેકર્ડ દફ્તરેથી કમી કરવામાં આવેલ.

આમ, હમો ઉપરોક્ત વિગેરે હકીકતો અને સંજોગોમાં ઉપર પેરા-૧ (એક) માં વર્ણવેલી મિલકતના ફક્ત હમો વેચાણ આપનાર જ કાયદેસરના માલિકો અને શાંત, ખાલી, પ્રત્યક્ષ કબ્જેદારો હોવાથી અને હમો વેચાણ આપનાર સિવાય અન્ય કોઈ પણ ઈસમ, સંસ્થા વિગેરેના મજકૂર મિલકત અંગે કે ઉપર કોઈ પણ રીતે કે પ્રકારે કોઈ લાગ-ભાગ, હક્ક, હિત, સંબંધ વિગેરે ન હતા અને ન હોવાથી હાલનો વેચાણ દસ્તાવેજ તમો વેચાણ લેનારાઓને કરી આપવા માટે હમો વેચાણ આપનાર કાયદેસર રીતે અધિકૃત હોવાથી હાલનો વેચાણ દસ્તાવેજ કર્યો છે.

..૭..

Executant/Claimant/Confirmer

NSR
૫ ૬૮૭૫ ૮૫
2017

-૭-

(૩) આ વેચાણ દસ્તાવેજ રૂએ ઉપર પેરા-૧ (એક) માં વર્ણવેલ મિલકતની આપણ પક્ષકારોએ માહોમાહે સંપૂર્ણ સંમતિથી ચાલુ બજાર ભાવ તથા સરકારી જંત્રી પ્રમાણે રૂા.૨૩,૭૨,૫૦૦/- અંકે રૂપિયા ત્રેવીસ લાખ બોતેર હજાર પાંચસો પુરા નક્કી કરવામાં આવેલ જે અંગેનો કાયદેસરનો વેચાણ કરાર તા.૨૯-૮-૨૦૧૭ના રોજ આપણ પક્ષકારો વચ્ચે થયેલ હતો અને છે, અને જે વેચાણ કિંમતના પુરેપુરા નાણાં હમો વેચાણ આપનારને હમારા કહેવાથી તમો વેચાણ લેનારે નીચેની વિગતે ચૂકતે ચૂકવી આપેલ છે.

ક્રમ	રકમ રૂપિયા	વિગત
૧	૧૦,૦૦૦/-	અંકે રૂપિયા દશ હજાર પુરા રોકડા આપ્યા છે.
૨	૨,૩૨,૨૫૦/	તા.૧૦-૯-૨૦૧૭ના રોજના પ્રાઈમ બેંક, નવસારી શાખા ઉપરના એકાઉન્ટ પેઈ ચેક નં.૦૦૦૦૧૩ થી આપ્યા છે.
૩	૨,૩૨,૨૫૦/	તા.૧૦-૯-૨૦૧૭ના રોજના કેનેરા બેંક, લુન્સીકુઈ નવસારી શાખા ઉપરના એકાઉન્ટ પેઈ ચેક નં.૪૨૨૨૦૧ થી આપ્યા છે.
૪	૧૮,૮૮,૦૦૦/	તા.૧૯-૯-૨૦૧૬ના રોજના એસ.બી.આઈ. બેંક, કુવારા, નવસારી શાખા ઉપરના એકાઉન્ટ પેઈ ચેક નં.૪૮૧૬૦૮ થી આપ્યા છે.
	૨૩,૭૨,૫૦૦/-	અંકે રૂપિયા ત્રેવીસ લાખ બોતેર હજાર પાંચસો પુરા.

આમ વેચાણ અવેજની પુરેપુરી રકમ મળ્યા બદલની આથી હમો વેચાણ આપનાર પહોંચ સ્વીકારીએ છીએ.

SUB-REGISTRAR (Navsari) Dist.

આમ, હમો વેચાણ આપનારને વેચાણ કિંમતના પુરેપુરા નાણાં ચૂકતે મળી ગયેલા છે અને હવે વેચાણ અંગે કે બીજા કંઈપણ અંગે કાંઈપણ કોઈપણ રીતે હવે તમો વેચાણ લેનાર પાસે બાકી લેવાનું રહેતું નથી કે રાખ્યું નથી. જે વેચાણ કિંમતના અવેજના બદલામાં ઉપર પેરા-૧ (એક) માં વર્ણવેલી મિલકત ઉપરથી હમો વેચાણ આપનારે હમારા માલિકી વિગેરે તમામ હક્કો ઉઠાવી લઈ સ્થળ ઉપર પ્રત્યક્ષ કબ્જો સુપરત કરી તમો વેચાણ લેનારને મજકુર મિલકતના સંપૂર્ણ, સ્વતંત્ર માલિક તથા શાંત, ખાલી, પ્રત્યક્ષ, કબ્જેદાર બનાવ્યા છે. આજથી મજકુર મિલકતના તમો વેચાણ લેનારા યાવતચંદ્ર

...૮...

Sd/- Illegible

NSR
No - 5479 8/44
2017

દિવાકરોપર્યંત સંપૂર્ણ-સ્વતંત્ર માલિક તથા શાંત, ખાલી, પ્રત્યક્ષ કબ્જેદાર થયા છો અને એ મિલકતના વહીવટ, વ્યવસ્થા, ઉપયોગ, ઉપભોગ વિગેરે કરવા તમો વેચાણ લેનાર તમોને યોગ્ય લાગે તે રીતે કરવા યાવતચંદ્ર દિવાકરો પર્યંત હકકદાર થયા છો.

(૪) હમો વેચાણ આપનર તમો વેચાણ લેનારાઓને એવા ખાત્રી, વચન, વિશ્વાસ, ભરોસો વિગેરે આપીએ છીએ કે,

- મજકુર મિલકત અંગે કે ઉપર હમો વેચાણ આપનારે કે હમારા તરફે કોઈએ ચાર્જ, બોજો, ગીરો વિગેરે ઉત્પન્ન કરવા વ્યવહારો કરેલા નથી.
- તેમજ મજકુર મિલકત ઉપર કે અંગે એકવીઝીશન વિગેરે અંગે કોઈ નોટીશ હમો વેચાણ આપનાર કે હમારા તરફે કોઈને બજેલ નથી કે નીકળેલ નથી.
- તેમજ મજકુર મિલકત ઉપર કે અંગે કોઈના કોઈપણ પ્રકારના ઈઝમેન્ટના, ભરણ પોષણના વિગેરે હક્કો હતા નહિ અને નથી.
- તેમજ મજકુર મિલકત ઉપર જણાવ્યા પ્રમાણે કોઈને કોઈપણ રીતે વેચાણથી કે અન્ય કોઈપણ રીતે ટ્રાન્સફર કરવાનો કે તેમાં તથા તેને લગતા કોઈના કોઈપણ રીતે ઈન્ટરેસ્ટ ઉત્પન્ન કરતા વ્યવહારો વિગેરે હમો વેચાણ આપનારે કે હમારા તરફે કોઈએ કરેલા ન હતા કે નથી.
- તેમજ મજકુર મિલકત કોઈના દાવાનો કે અન્ય કોઈપણ પ્રકારણનો વિષય નથી.

ટૂંકમાં મજકુર મિલકત બિલકુલ બિનકરજી, બિનજોખમી સ્પષ્ટ અને માર્કેટેબલ ટાઈટલવાળી ચાલી આવેલ છે.

../૮..

દસ્તાવેજ કરનાર વેચનાર સહીઓ

NSR
No 5479 9/44
2017

(૫) ઉપર પેરા-૧ માં જણાવેલ સીટી સર્વે નં.૪૭૮૬ તથા સીટી સર્વે નં.૪૭૮૫/૧ વાળી બિનખેતીની જમીનો વાળું સંકુલ કે જેને "પ્રિન્સ હાઈટ્સ" નામ આપવામાં આવેલ છે. જે સંકુલમાં આવેલ ક્લબ હાઉસ, જીમ્નેશીયમ, ઈનડોર ગેમ, કોમન હોલ, બાળકો માટેના રમત-ગમતના સાધન, કંપાઉન્ડ વોલ, પ્રવેશ દ્વાર અને પાણી, ડ્રેનેજ તથા કોમન લાઈટીંગ તથા આંતરિક રસ્તા અને કોમન પ્લોટ તથા અન્ય સહિયારી સવલતો વિગેરે તમામનો વાપર-વપરાશ રોયલ, પેલેસ, પેરેડાઈઝ, પલ અને પ્રિઝમ એપાર્ટમેન્ટોના ફલેટ ધારકોએ સંયુક્તપણામાં કરવાનો છે, તેમજ સદર સગવડો ભોગવવામાં કોઈને ન્યુસન્સ કે એનોયન્સ થાય તેવું કોઈ કૃત્ય કે અવરોધ-અટકાયત કે હેરાનગતિ થાય તેવું કૃત્ય કરવા-કરાવવાનું નથી. તેમજ સહિયારી સગવડો/સવલતોનું વ્યવસ્થાપન, વહીવટ અને નિયમન સંયુક્તપણામાં કરવાનું રહેશે. તેમજ તમામ સહિયારી સગવડોના સ્થાપન, પુનઃસ્થાપન તેમજ નિભાવ, મરામત અને જાળવણી વિગેરે માટેના ખર્ચ તથા વહીવટ ખર્ચા તમામ મિલકત ધારકોએ સંયુક્તપણામાં ભોગવવાના છે અને રહેશે સહી. અને ભવિષ્યમાં સર્વિસ સોસાયટી બનાવવાની જરૂરીયાત ઉપસ્થિત થાય ત્યારે તમામ મિલકત ધારકોએ ફરજિયાત સભ્યપદ લેવાનું રહેશે.

(૬) ઉપર પેરા-૧ માં જણાવેલ વેચાણ આપેલ મિલકત યાને ફલેટની અંદરની મિલકત સ્વતંત્ર-માલિક તરીકે અને પ્રત્યક્ષ કબ્જેદાર તરીકે ધારણ કરવાની રહેશે. તે સિવાયની બાકીની કોઈપણ જગ્યામાં તમો પહેલા પક્ષનાને કોઈપણ હક્ક આપવામાં આવેલ નથી. પરંતુ તે સિવાયની દાદર, પેસેજ, પાર્કિંગ, બીલ્ડીંગનાં અન્ય ફલેટ હોલ્ડરો સાથે તેમજ

..૧૦..

SUB-REGISTRAR

NSR
10
No - 5479
44
2017

મજકૂર જમીનમાં આયોજીત બિલ્ડીંગવાળું સંકુલ કે જેને "પ્રિન્સ હાઈટ્સ"નામ આપવામાં આવેલ છે, તે સંકુલનો આંતરિક રસ્તા,અન્ય તમામ ફલેટ હોલ્ડર સાથે સહીયારા ફક્ત વપરાશી હક્ક સહિત મજકૂર મિલકત ધારણ કરવાની રહેશે. અને તેનો અન્ય ફલેટ હોલ્ડરો સાથે સહીયારો વપરાશ કરવાનો રહેશે. ફલેટનું બાંધકામ મંજૂર થયેલાં પ્લાન પ્રમાણે જ રાખવાનું રહેશે અને તેમાં મંજૂર પ્લાનની પરિસિમાની મર્યાદા બહારનાં કોઇ ફેરફાર તથા બિલ્ડીંગના સ્ટ્રક્ચર તથા એલીવેશન અસરકર્તા હોય તેવો કોઇ ફેરફાર કરી શકાશે નહીં.

(૭) મજકૂર ફલેટનો કબ્જો તમો વેચાણ લેનારે હમો કનેથી બાંધકામ અને તેની સંલગ્ન તમામ કામગીરી બાબતે તમો વેચાણ લેનારે જાતે પોતે તથા બાંધકામ બાબતનાં નિષ્ણાંતો પાસે તપાસ કરી-કરાવી, ખાતરી કરી-કરાવી સંપૂર્ણ બાંધકામ સહિતનો કબ્જો જોઇ તપાસીને આજરોજ સ્વીકારી લીધેલ છે જે બાંધકામ તથા બાંધકામમાં વપરાશમાં લેવામાં આવેલ માલસામાન, સામગ્રી, ફિટીંગ્સ, ફિક્ચર્સ વિગેરે બાબતે ભવિષ્યમાં તમો ખરીદનાર તથા તમારા અગ્રહ હક્કધારીઓએ કોઇ ફરિયાદ, તકરાર કરી-કરાવી શકશો નહીં, તેમ છતાં કરવા-કરાવવામાં આવે તો તે રદબાતલ થાય સહી, ગણાય સહી.

(૮) સદરહું ઈમારતની દિવાલો, કોલમો, બીમ, સ્લેબ, આર.સી.સી.ની પરથી, અથવા બીજા સ્ટ્રક્ચર કામ વિગેરેને જરાપણ નુકસાન ન પહોંચે તે રીતે ઉપયોગ કરવાનો રહેશે સહી.વધુમાં તમો પહેલા પક્ષનાને ફલેટવાળી મિલકત જ વેચાણ આપેલ છે, જેથી તે ભાગ સિવાય બીજી મિલકતમાં યાને કોઇપણ ભાગમાં પહેલાં પક્ષનાની કોઇ માલિકી હક્ક નથી.

..૧૧..

SUB REGISTRAR

Rdamaniyani

NSR
No - 5 4 7 2 11/44
2017

(૯) આ વેચાણ દસ્તાવેજથી વેચાતી આપેલ મિલકત આ વેચાણ દસ્તાવેજ રૂએ તમો વેચાણ લેનાર તમારા નામે સીટી સર્વે રેકર્ડ દફતરે, નગરપાલિકા રેકર્ડ દફતરે તેમજ ઇતર તમામ જરૂરી દફતરોએ અને જગ્યાએ તમામ હક્કો વિગેરે સહિત ચઢાવી લેવા તમો વેચાણ લેનાર હકદાર છો. તેમજ તે માટે આ વેચાણ દસ્તાવેજથી હમો વેચાણ આપનાર આથી હમારી સ્પષ્ટ, બિનશરતી સંમતિ આપીએ છીએ. તેમ છતાં જો એ અંગે કે બીજા કંઈપણ અંગે હમો બીજા પક્ષના વેચાણ આપનારના જવાબ, જુબાની, સહી, સંમતિ, કબુલાત વિગેરે કાંઈની પણ જરૂર પડે તો તે વિના વિલંબે તમો વેચાણ લેનારાઓની તરફેણમાં જયાં ત્યાં હમો બીજા પક્ષના વેચાણ આપનારે આપવા અપાવવાના છે.

(૧૦) આ વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ મિલકતના કોઇ સરકારી કે અર્ધસરકારી લેણા આ વેચાણ દસ્તાવેજની તારીખ યા તે બાદનું આવે તો તેની તમામ જવાબદારી તમો વેચાણ લેનારની છે. આ દસ્તાવેજની તારીખ અગાઉનું ઉપર પ્રમાણેનું કોઇપણ લેણું વિગેરે કાંઈપણ ભરવાનું હતું તે હમો વેચાણ આપનારે ભરપાઇ કરી દીધેલ છે સહી.

(૧૧) આ વેચાણ દસ્તાવેજનો સ્ટેમ્પ, રજીસ્ટ્રેશન ફી, લખાઇ ફી, ટાઇપીંગ વિગેરે તમામ આનુષાંગિક ખર્ચ તમો વેચાણ લેનારે ભોગવવાનો છે. તેમજ ભવિષ્યમાં જો કોઇ સ્ટેમ્પ ડ્યુટી, નોંધણી ફી, પેનલ્ટી વિગેરેની કોઇપણ રકમ ભરવાની આવે, થાય કે ગણાય તે ભરવાની તમામ જવાબદારી તમો વેચાણ લેનારાઓની એકલાની રાખી છે અને રહેશે સહી. તેમાં હમો વેચાણ આપનારની કોઇ જવાબદારી રાખી નથી અને રહેશે નહીં.

..૧૨..

વેચાણકર્તા/સનાતકાર/પ્રાધિકૃત

NSR
૫૦ - 5479 12/44
2017

આ વેચાણ દસ્તાવેજ હમો વેચાણ આપનારે હમારી રાજીખુશીથી, હોંશિયારીમાં, બીનકેફમાં, તન અને મનના સંપૂર્ણ સાવધપણામાં, તેમજ તન-મનની સંપૂર્ણ તંદુરસ્તીમાં, કોઈના કોઈપણ જાતના દાબ-દબાણ વિના, સ્વતંત્ર ઈચ્છાથી વાંચી, વંચાવી, વિચારી, સમજીને તમો વેચાણ લેનારાઓને હમો વેચાણ આપનારે કરી આપેલ છે, જે હમો વેચાણ આપનારને તથા હમારા વંશ, વાલી, વારસો વિગેરે તમામને કબુલ, મંજુર અને બંધનકર્તા છે અને રહેશે સહી.

અત્રે ---------- મતુ તત્રે ---------- શાખ

મે.પ્રિન્સ ઈન્ફાસ્ટ્રક્ચર નામની ભાગીદારી પેઢીના ભાગીદારો

THE SUB-REGISTRAR ... VASAD

ડાકરશીભાઈ કરમશીભાઈ સાકરીયા

૧. ઠાકરશીભાઈ કરમશીભાઈ સાકરીયા જાતે પોતે તથા

૨. મધુબહેન ઠાકરશીભાઈ સાકરીયા, ૩. સંદિપભાઈ ઠાકરશીભાઈ સાકરીયા,
૪. અવનીબેન સંદિપભાઈ સાકરીયા, ૫. હિતેષભાઈ ઠાકરશીભાઈ સાકરીયા,
૬. ભાવનાબેન યોગેશભાઈ સાકરીયા, ૭. યોગેશભાઈ પોપટભાઈ સાકરીયા **નાઓના કુ.મુ.**

સાક્ષીઓ

..૧૩..

NSR
No - 5479 13/44
2017

વેચાણ લેનારાઓ :-





૧. દિપ્તીબેન અરૂણભાઈ હરિયાણી,





૨. કર્ણ અરૂણભાઈ હરિયાણી

વેચાણ આપનાર :-

મે.પ્રિન્સ ઈન્ફાસ્ટ્રક્ચર નામની ભાગીદારી પેઢીના ભાગીદારો :-





૧. ઠાકરશીભાઈ કરમશીભાઈ સાકરીયા
જાતે પોતે તથા

૨. મધુબહેન ઠાકરશીભાઈ સાકરીયા,
૩. સંદિપભાઈ ઠાકરશીભાઈ સાકરીયા,
૪. અવનીબેન સંદિપભાઈ સાકરીયા,
૫. હિતેષભાઈ ઠાકરશીભાઈ સાકરીયા,
૬. ભાવનાબેન યોગેશભાઈ સાકરીયા,
૭. યોગેશભાઈ પોપટભાઈ સાકરીયા નાઓના કુ.મુ.

NSR
No 5479 14
44
2017

-૧૪-

-: મિલકતની ઓળખ અંગેનો ફોટોગ્રાફ્સ :-



-: મિલકતનું પોષ્ટલ એડ્રેસ :-

ફ્લેટ નં.૨૦૧, બીજો માળ, પેલેસ એપાર્ટમેન્ટ, પ્રિન્સ હાઈટ્સ, તીથરા વિસ્તાર, નવસારી.

વેચાણ લેનારાઓ :-

વેચાણ આપનાર :

દસ્તાવેજ નં. 5479, તા. 21/9/17

:: પરિશિષ્ટ ::

નોંધણી અધિનિયમ-૧૯૦૮ ની કલમ-૩૪ ની પેટા કલમ-૩ મુજબનું ચેકલીસ્ટ

NSR
No - 5479
15
44
2017

અ.નં.	પ્રશ્ન	જવાબ (હા કે ના)
લખી આપનાર, સંમતિ આપનાર કે તેઓના કુ.મુ.ને પુછવાના પ્રશ્નો :		
૧	લેખમાં દર્શાવ્યા મુજબ મોજે નવસારી શહેરના સીટી સર્વે ટીકા નં.૧૨૫ ના સીટી સર્વે નં.૪૭૮૬ થી નોંધાયેલી બિનખેતીની જમીન ઉપર ''રોયલ'', ''પેલેસ'' અને ''પેરેડાઇઝ'' નામના ત્રણ એપાર્ટમેન્ટ બાંધવામાં આવેલ છે, જે પૈકી ''પેલેસ'' નામના એપાર્ટમેન્ટમાં બીજા માળે આવેલ ફ્લેટ નં.૨૦૧ વાળી મિલકતનો વેચાણ દસ્તાવેજ.	હા
૨	લેખમાં દર્શાવ્યા મુજબ બાંધકામનું ક્ષેત્રફળ ૧૦૮.૩૭૫ ચો.મીટર તથા વણવહેંચાયેલા હિસ્સાની વરાડે આવતી જમીનનું ક્ષેત્રફળ ૩૩.૧૨૫ ચો.મીટર (ચો.મી./હે.આ.ચો.મી./ એ.ગુ./વીંઘા વિ.) મિલકતના માટે લેખ કરી આપેલ છે?	હા
૩	લેખમાં દર્શાવ્યા મુજબની વિગતે અવેજની રકમ મળેલ છે?	હા
૪	લેખમાં દર્શાવેલ વિગતો વાંચી, વંચાવીને, સમજી, વિચારીને તમે પોતે જાતે જ સહી/અંગુઠાની છાપ કરેલ છે તે તમે કબુલ રાખો છો?	હા
૫	પાવર ઓફ એટર્ની આપનાર દસ્તાવેજની તારીખે હયાત છે?	હા
૬	પાવર ઓફ એટર્ની ના લેખમાં પાવર ઓફ એટર્ની આપનાર વ્યક્તિ/ઓએ સહી/અંગુઠાનું નિશાન કરેલ છે?	હા
૭	પાવર ઓફ એટર્નીનો લેખ દસ્તાવેજની તારીખે અમલમાં છે?	હા
૮	ઓળખાણ આપવા સારૂ તમને ઓળખતા હોય તેવી વ્યક્તિઓ સાથે લાવ્યા છો?	હા
ઓળખાણ આપનારને પુછવાના પ્રશ્નો :-		
૧	દસ્તાવેજ લખી આપનાર વ્યક્તિ/ઓ કે જેઓએ કબુલાત આપી તેઓને તમે જાતે ઓળખો છો?	હા
૨	દસ્તાવેજમાં લખેલ નામ અને કબુલાત આપનાર વ્યક્તિ/ઓ એક જ છે?	હા
૩	કોઇ વ્યક્તિએ ખોટું નામ ધારણ કરીને કબુલાત આપી નથી એવી તમે ખાતરી આપો છો?	હા

લખી આપનાર/સંમતિ આપનાર/કુ.મુ.ની સહી

ઓળખાણ આપનારની સહી

(સહી)
સબ રજીસ્ટ્રાર, નવસારી-૨